# અમદાવાદ ખાતે ૫૪,૫૨૨ નાગરિકોનો સામુહિક યોગ : વિક્રમ નોંધાયો

**એક સ્થાને એકી સાથે ૫૪,૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન : અગાઉ વર્ષ ૨૦૧૫માં નવી દિલ્હી ખાતે એક સાથે ૩૫,૯૮૫ લોકોનો યોગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ**



ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં વિશ્વ યોગ દિવસ- ૨૧મી જૂન નિમિત્તે જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે એકજ સ્થાન પર એકી સાથે ૫૪,૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, તેમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાતે એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આજનો દિવસ ગુજરાત માટે ખાસ છે. ગુજરાતની ધરતીને વડાપ્રધાનનું કર્તુત્વ અને નેતૃત્વ મળ્યું છે. આજે વહેલી સવારથી જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે લોકો ઉત્સાહભેર હાજર રહીને સવારે ૫ થી ૭.૩૦ કલાક સુધી આસન, પ્રાણાયામ અને યોગ કર્યા હતા. જે આપણા માટે સૌભાગ્યની વાત છે. યોગ અભ્યાસથી ગુજરાત સમૃદ્ધ, સ્વચ્છ અને સ્વસ્થ બનશે તેવો વિશ્વાસ વ્યકત કરીને મુખ્યમંત્રીએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ યોગગુરૂ બાબા રામદેવ, ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમ અને તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આ યોગ દિવસની ઉજવણીને ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમે એક અદભૂત રેકોર્ડ ગણાવ્યો હતો.

આ પ્રસંગે ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમ દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીને વર્લ્ડ રેકોર્ડ બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૧ જૂન-૨૦૧૫માં આયુષ મંત્રાલય આયોજિત યોગ કાર્યક્રમમાં નવી દિલ્હી ખાતે ૩૫,૯૮૫ લોકો દ્વારા એક સાથે એક જ સ્થળે યોગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કરાયો હતો.

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ યોગગુરૂ બાબા રામદેવના સંયુકત ઉપક્રમે અમદાવાદ ખાતે વિવિધ ૨૨ રેકોર્ડ પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. જેને ગોલ્ડન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન આપવામાં આવ્યું છે.

## અમદાવાદમાં યોગ દિવસની ઉજવણીમાં ૨૨થી વધુ સર્જાયા રેકોર્ડ

ગાંધીનગર, તા. ૨૧

૨૧મી જૂન- ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અમદાવાદમાં સંપન્ન થઈ . ગુજરાતમાં આ ઉજવણીનો રાજ્ય કક્ષાનો કાર્યક્રમ અમદાવાદના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે, યોજાયો. સામૂહિક યોગ નિદર્શન સાથે યોગ સાથે સંકળાયેલા દેશ વિદેશમાં નોંધાયેલા રેકોર્ડને યોગસાધકોએ બ્રેક કરીને આજે અમદાવાદમાં નવા રેકોર્ડ સ્થાપ્યા છે.

વર્ષ ૨૦૧૬માં બુક ઓફ વર્લ્ડરેકોર્ડમાં કુ. યસમીન દ્વારા સતત ૩૨ કલાક યોગ કરવાનો વિક્રમ સ્થપાયો હતો તેની સામે ઉત્તર પ્રદેશના અયોધ્યાથી આવેલા યોગ સાધક મહેશ યોગીએ સતત ૫૧ કલાક યોગ કરવાનો રેકોર્ડ નોંધાવ્યો છે. તેમણે તા.૧૯મી જૂને સવારે ૫.૨૦ કલાકથી યોગ શરુ કર્યા હતા જેના ૫૧ કલાક આજે ૨૧મી જૂને પૂર્ણ થયા હતા.

સૌથી વધુ સમય સુધી શીર્ષાસન કરવાનો રેકોર્ડ પતંજલી યોગપીઠના ત્રણ સાધકોએ સ્થાપિત કર્યો છે. જયપાલ, ગોપાલ ડાંગી અને મોહન શંકરરાવ ઠાકરેએ સતત ત્રણ કલાક ૩૩ મિનિટ અને ૩૩ સેકન્ડ સુધી સતત શીર્ષાસન કરીને સંયુક્ત રીતે સૌથી લાંબો સમય શીર્ષાસન કરવાનો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. અમદાવાદમાં આજે સૌથી વધુ સમય સુધી શીર્ષ પદ્માસન કરવાનો રેકોર્ડ બિહારના મધુબનીના રવિ વ્યોમશંકર જ્હાએ પ્રસ્થાપિત કર્યો છે. આજે તેમણે સતત ૪૦ મિનિટ સુધી શીર્ષ પદ્માસન કરીને રેકોર્ડ બનાવ્યો હતો. ત્રીજા વિશ્વ યોગ દિવસ નિમિત્તે આજે અમદાવાદમાં એક મીનિટમાં સૌથી વધુ પુશ-અપ્સ કરવાનો રેકોર્ડ મધ્યપ્રદેશના સતનાના ૧૭ વર્ષીય તરૂણ આદિત્ય સિંગે પ્રસ્થાપિત કર્યો છે. તેમણે એક મિનિટમાં ૧૫૭ પુશઅપ્સ કરીને આ રેકોર્ડ નોંધાવ્યો છે.

આ જ રીતે સૌથી ઝડપી હાફ પુશ-અપ્સ કરવાનો રેકોર્ડ ઉત્તર પ્રદેશના બિજનૌરના દિનેશ કુમારે નોંધાવ્યો હતો. તેમણે માત્ર ૧૨ મિનિટમાં સૌથી ઝડપી ૧૦૦૦ હાફ પુશ-અપ્સ કરીને આ રેકોર્ડ પોતાને નામ કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસમાં ઉથલ-પાથલની સંભાવના

**મોડાસાના સીટીંગ ધારાસભ્યને રીપીટ કરવાનો કોંગ્રેસી કાર્યકરોએ બળવંતસીંહ રાજપૂત સમક્ષ રોષ ઠાલવ્યો**

મોડાસા, તા. ૨૧

૩૧-મોડાસા વિધાનસભા મત વિસ્તાર માટે કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારોની પસંદગી બાબતે પક્ષ તરફથી કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા તમામ ધારાસભ્યોને ફરીથી રીપીટ કરવા પક્ષની સંસદીય સમિતિએ નક્કી કરી ફરીથી વિધાનસભા- ૨૦૧૭ની ચૂંટણીમાં ટીકીટ આપવાની હૈયાધારણા આપવામાં આવી છે. ધારાસભ્યને ફરીથી રીપીટ કરવાની જાણકારી માટે વિધાનસભાના દંડક બળવંતસિંહ રાજપૂત સોમવારે મોડાસા સર્કીટહાઉસ ખાતે જિલ્લાના કોંગ્રેસી કાર્યકોરની મીટીંગ બોલાવી પક્ષે પસંદ કરેલા ચાલુ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર માટે પ્રચારમાં જોડાઈ જવા અને બુથ લેવલ સુધીના માઈક્રો પ્લાનીંગ અંગે જાણકારી આપવા આવી પહોંચતા વિધાનસભા દંડકને પ્રથમ ગ્રાસે મલિકા જેવો માહોલ જોવા મળ્યો હતો. મોડાસા સર્કીટહાઉસમાં ઉપસ્થિત કોંગ્રેસી કાર્યકોરમાં સીટીંગ ધારાસભ્ય સામે ઉગ્ર રોષ અને ધારાસભ્યની દાવેદારી કામગીરી અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત કરતા બલવંતસિંહ રાજપૂત પણ ડઘાઈ ગયા હતા.

મોડાસા સર્કીટહાઉસ ખાતે સોમવારે બપોરે વિધાનસભાના દંડક બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષમાં મળેલી મોડાસા-ધનસુરા વિધાનસભા વિસ્તારની સમિતિ અને મોડાસા-ધનસુરાના ધારાસભ્યને ફરીથી રીપીટ કરવાના હોવાથી પક્ષના કાર્યકરોને જાણકારી આપવા મીટીંગ બોલાવી હતી. આ મીટીંગમાં મોડાસા-ધનસુરાના હાલના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની કાર્ય-પ્રણાલી સામે ઉપસ્થિત કોંગ્રેસના કાર્યકરોએ બળવંતસિંહ રાજપૂત સામે ધારદાર રજૂઆત કરી વિધાનસભા- ૨૦૧૭ની ચૂંટણીમાં વિજય મેળવવો હોય તો સીટીંગ ધારાસભ્યને રીપીટ કરવાના બદલે આન્ય કોંગ્રેસ પક્ષના સક્ષમ દાવેદારોમાંથી એકની પસંદગી કરવા સ્પષ્ટ જણાવી દેતા હડકંપ મચી ગયો હતો. સીટીંગ ધારાસભ્યની મોડાસા-ધનસુરા તાલુકામાં નિષ્ક્રિય કામગીરી અને પક્ષના કાર્યકરોને સતત ૫ વર્ષ દરમ્યાન અવગણવામાં આવતા લોકો તરફથી કોંગ્રેસ પક્ષના કાર્યકરો ધારાસભ્ય તરફથ નારાજગી ઠેર ઠેર જોવા મળી રહી છે. જેથી કોંગ્રેસ પક્ષ તરફથી લીધેલા નિર્ણય અંગે ફેર વિચારણા હાથ ધરી કોંગ્રેસી કાર્યકરોનો મત જાણી જીતી શકે તેવા ઉમેદવારની પસંદગી કરી સક્ષમ કોંગ્રેસી કાર્યકરને ટીકીટ આપવાની માંગ કરી હતી. તદઉપરાંત હાલના સીટીંગ ધારાસભ્યને રીપીટ કરવામાં આવશે તો વર્ષોથી કોંગ્રેસ તરફ વફાદારી નિભાવનાર કૉંગ્રેસી કાર્યકરો ન છૂટકે ચૂંટણીની કામગીરીથી દૂર રહે અને પક્ષ પલટો કરી કેસરીયો ધારણ કરે તો નવાઈ નથી.

મોડાસા-ધનાસુરા વિધાનસભાની બેઠક પર હાલના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને રીપીટ કરવા અંગે કોંગ્રેસ અગ્રણીઓએ એકી સૂરે વિરોધ નોંધાવ્યો હતો. જેમાં મોડાસાના કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ પ્રમુખ નારાયણભાઈ પટેલ, અરૂણ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના કો. ઓપ્ટ સભ્ય જયદતસિંહ પુવાર, ક્ષત્રિય-ઠાકોર અગ્રણી હિંમતસિંહ કે. પરમાર અને ખાંટ કાંતીભાઈ એસ. સહીતના કાર્યકરોએ ઉગ્ર વિરોધ નોંધાવી હાલના ધારાસભ્ય સિવાય અન્ય કોઈપણ કોંગ્રેસી ટીકીટીના દાવેદારને ટીકીટ આપવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરી હતી.



**ખેડબ્રહ્મામાં કોંગ્રેસની બેઠક :** ખેડબ્રહ્મા ખાતે સોમવારે કોંગ્રેસની એક મીટીંગ સ્વામિ વિવેકાનંદ કોમ્યુનીટી હોલમાં મળી હતી. જેમાં ગુજરાત વિધાનસભાના દંડક અને સાબરકાંઠા પ્રભારી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ કરવી, બુથ લેવલ સુધીની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જનકસિંહ વાઘેલા, પ્રવિણસિંહ સોલંકી, ભાવેન્દ્રસિંહ સોલંકી, જીજ્ઞેશભાઈ જોષી, અશ્વિનભાઈ કોટવાલ, નરેશભાઈ પટેલ, લીલાબેન ડાભી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગ ૧૯ જૂને રાહુલ ગાંધીનો જન્મ દિવસ હોઈ કેક કાપી કાર્યકરોએ ઉજવણી કરી હતી.

# ખેલાડીઓ માટેની ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવા કેટલીક શાળાઓની રજુઆત

સવગઢ, તા. ૧૬

ગુજરાત સરકારની રમતવીર વિદ્યાર્થીઓ માટેની ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવા માટે સેન્ટ ઝેવિયર્સ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા રમતગમત મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરી યોજનામાં સુધારા કરવા સુચના મોકલી આપ્યા છે.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય ફાધર ટેલેસ ફર્નાડિસના જણાવ્યા મુજબ સરકારની ડી.એલ.એસ.એસ. યોજના હેઠળ શાળા તરફથી ઉનાળુ વેકેશનમાં કેમ્પ રાખવામાં આવ્યો હતો. પરંતુ તેનુ કોઈ પરિણામ મળ્યુ ન હતુ. આ યોજનાના કારણે શાળાએ સારા ખેલાડીઓ ગુમાવ્યા છે. શાળાના ખેલાડીઓએ સન ૨૦૧૬-૧૭ના ખેલ મહાકુંભમાં જિલ્લામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી અસંખ્ય મેડલ મેળવી રૂ. ૧ લાખના ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

વધુમાં પ્રિ. ફાધરે રજુઆતમાં સુચનો કરતાં જણાવ્યુ છે કે જો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને સગવડો પોતાની શાળામાં પુરી પાડવામાં આવે તો બીજી શાળામાં મોકલવાની જરૂર પડતી નથી, શાળામાં રમત-ગમતના સાધનો ઉપલબ્ધ કરાવવા, ખેલાડીઓ માટે યોગ્ય આહાર અને વ્યાયામ વિભાગ ખેલાડીઓ માટે નોડેલ્સ શાળામાં ઉપલબ્ધ કરવા જોઈએ. ખેલાડીઓની કેળવણી માટે સમય અનુસાર નિષ્ણાંતોની દેખરેખ અને મુલ્યાંકન થાય તે જરૂરી છે. સરકાર દ્વારા ચાલી રહેલ ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવામાં આવે અને ખેલાડીઓને પોતાની શાળામાં પાછા મોકલવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.



ધી સાબરકાંઠા સહકારી બેંક લી.ના ચેરમેન અને ગુજકોમાસોલની ચૂંટણીમાં સાબરકાંઠા જિલ્લામાંથી ડિરેક્ટર તરીકે જંગી બહુમતીથી વિજેતા બનેલા મહેશભાઈ એ. પટેલ શુભેચ્છા મુલાકાતે મોડાસા પહોંચતા મારૂતી મિગ વિકાસ મંડળના પ્રમુખ નિલેશ જોષી, સુરેશ ત્રિવેદી, ધ્રુવ પ્રણામી, હિતેન્દ્ર જોષી, હર્ષદભાઈ જોષી, અશોક ત્રિવેદી, જય અમીન સહિત સદસ્યો દ્વારા શ્રીમદ ભગવદગીતા ધર્મગ્રંથ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# મેઘરજ હોસ્પિટલ ખાતે શેલ્બી હોસ્પિટલ દ્વારા સિનીયર સીટીઝનો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

મેઘરજ, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર તથા કલેકટરના સંયુક્ત પ્રયાસથી બુધવારના રોજ મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે સિનીયર સીટીજનો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન શેલ્બી હોસ્પિટલ અમદાવાદ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

મેઘરજ સરકારી હોસ્પિટલ ખાતે ગુજરાત સરકારના આરોગ્ય કેન્દ્ર તથા કલેકટરના સંયુક્ત પ્રયાસથી સીનિયર સીટીજનો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શેલ્બી હોસ્પિટલના ડૉક્ટર આશિષભાઈ શેઠ, ડૉ. નવીનભાઈ શાહ તેમજ ડૉ. વિનીત જોષી તેમના સ્ટાફ અને મેઘરજ સરકારી હોસ્પિટલના સ્ટાફની મદદથી સિનિયર સીટીજનોને શ્વાસ, હૃદયરોગ, થાયરોઈડ, ડાયાબીટીસ તેમજ હાડકાને લગતા તમામ રોગોની સારવાર પુરી પાડવામાં આવી હતી. જેમાં સવારે ૧૦થી ૫ વાગ્યા સુધીમાં સિનિયર સીટીજનોએ મોટી સંખ્યામાં નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ લીધો હતો.



## યોગના રંગમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા મોદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને શુભેચ્છા પાઠવી હતી. મોદી યુવાનોની વચ્ચે યોગ કરતા નજરે પડ્યા હતા. ભારતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે ૧૯૧ દેશોનું નેતૃત્વ કર્યુ હતુ. આજે સવારે મોદી પોતે પણ યોગાસન કરવા માટે બેસી ગયા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ લખનૌમાં યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ઉપસ્થિત રહ્યા હતા અને યોગાસન કાર્યક્રમમાં જોડાયા હતા. મોદીએ પોતે યોગાસન કરીને નવો દાખલો બેસાડ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોદી સવારે જે સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યારબાદ થોડી મિનિટ સુધી ઉપસ્થિત રહેલા લોકોને સંબોધન કર્યુ હતું. ત્યારબાદ યોગ કાર્યક્રમની વિધિવત શરૂઆત થઈ હતી. ૩૫-૪૦ મિનિટ સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો જેમાં જુદા જુદા આસનો ઉપસ્થિત૫૧ હજારથી પણ વધુ લોકોએ કર્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સાત વાગે થઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ આ કાર્યક્રમને લઈને ભાજપ સરકારે જોરદાર તૈયારી છેલ્લા કેટલાક દિવસથી જારી રાખી હતી.યોગ સાધનાના કાર્યક્રમમાં સરકારી અધિકારીઓ અને પ્રધાનો પણ જોડાયા હતા. દેશના અન્ય ભાગોમાં પણ કાર્યક્રમમાં લોકો જોડાયા હતા. યોગને પ્રોત્સાહન આપવા માટે ભારત, અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં યોગ સાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. દુનિયાના ૧૭૦થી વધુ દેશમાં યોગના કાર્યક્રમ તેમની પોતાની રીત મુજબ યોજાયા હતા.

## અંધાધૂંધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યુ હતુ કે જ્યાં સુધી સુરક્ષા દળોને સંપૂર્ણપણે પાછા ખેંચી લેવામાં આવશે નહી ત્યાં સુધી બંધ યથાવતરીતે જારી રહેશે. અલગ રાજ્યની માંગને લઈને જીજેએમ દ્વારા પહાડી રાજ્યમાં નાની મોટી રેલી યોજવામાં આવી રહી છે. હાલમાં હિંસા પણ થઈ હતી. પહાડી વિસ્તારોમાં ચોથા દિવસે ઈન્ટરનેટ સેવાને બંધ રાખવામાં આવતા લોકોને ભાર મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી. જીજેએમ અને અન્ય પક્ષોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર માહિતી વહેચવાના અધિકારનો ભંગ કરી રહી છે. બીજી બાજુ સરકારનુ કહેવુ છે કે સ્થિતીને સામાન્ય બનાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દાર્જિલિંગની સ્થિતી પર કેન્દ્ર સરકારની પણ બાજ નજર છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ શાંતિ જાળવી રાખવા માટેની અપીલ તમામને કરી ચુક્યા છે.

## ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષા દળો સાથે પડકારો વધી ગયા છે. કાશ્મીરમાં સ્થાનિક લોકો ત્રાસવાદીઓને ટેકો આપી રહ્યા છે જેના કારણે તકલીફ વધી રહી છે. તેમની સામે ઓપરેશનમાં પરેશાની આવી રહી છે. ત્રાસવાદીઓ સામે નિવાસી વિસ્તારોમાં ઓપરેશન હાથ ધરતી વેળા તેઓ પથ્થરમારો કરે છે. જેના કારણે જટિલ સ્થિતી સર્જાઇ જાય છે. ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ લઈને ફરાર થઈ જાય છે.

## નિયમિત ચોમાસુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્તર-મધ્ય ગુજરાતમાં પણ તા. ૨૫-૨૬ જૂનમાં વાદળોની ગતિવિધિ જણાય. જેની અસરતળે કોઈ કોઈ ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહે. જૂન તા. ૨૯ થી ચોમાસુ સક્રિય થવાની શક્યતા રહે. આ ગાળામાં દક્ષિણ ગુજરાત, આહવા, ડાંગ, વલસાડ, નવસારી, બારડોલી, સુરત વગેરે ભાગોમાં વરસાદી વહન આવી રહે. જ્યારે જુલાઈ તા. ૫મી સુધીમાં ચોમાસુ સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગો ચેમજ ગુજરાતના ભાગોમાં સક્રિય બને. કોઈ કોઈ ભાગોમાં ભારે કે અતિભારે વરસાદ થવાની શક્યતા રહે. આ માત્ર શક્યતા છે.

## ટીમ દોડી ગઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા કલેકટર સતીષ પટેલ પણ આજે બહિયલ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે દોડી ગયા હતા. તેમણે તંત્રને પુરતો જરુરી તમામ ટેકનીકલી અને મેડીકલી સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

ગાંધીનગર જિલ્લાના બહિયલમાં છેલ્લા એક સપ્તાહમાં ૧૨૦થી વધુ કેસ ઝાડા ઉલ્ટીના નોંધાયા છે. આજે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓએ ગામમાં સ્વચ્છતા માટે ત્વરીત પગલાં લેવાની સૂચના આપતાં સફાઈની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

રેપીડ રિસ્પોન્સ ટીમ બે દિવસમાં પોતનો અહેવાલ આપશે તેમ મનાઈ રહ્યું છે. દરમિયાન રાજયના આરોગ્ય વિભાગે પણ પરિસ્થતિ અંગેનો રિપોર્ટ મોકલી આપવા જિલ્લા આરોગ્ય તંત્રને જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

## સંપ બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં સ્થાનિક અગ્રણીઓ દ્વારા પણ શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓ યોગ્ય કરવા માટે અવારનવાર રજુઆત કરવામાં આવે છે. દાયકાઓના અંતે પણ ગ્રામ્ય વિસ્તારમાં હજુ પાણીની સમસ્યા હલ થઈ નથી. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ નવિન બોર બનાવાયા છે. ગામોમાં બોર બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હવે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સુવિધાને અપગ્રેડ કરવા માટે નવી ટાંકી તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાનુ કામ હાથ ધરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરી વિસ્તારના પાંચેય ગામોમાં પાણીની ટાંકી બનાવાશે. અંદાજિત ૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ટાંકી તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાશે. શહેરી વિસ્તારના ગામોમાં આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. ત્યારબાદ ચોમાસાના અંતે ટાંકી નિર્માણનુ કામ હાથ ધરાશે. અગાઉ આ ગામોમાં પાણીના નવા બોર બનાવાયા હતા. જયારે બોરની કામગીરી બાદ હવે ટાંકી તેમજ સંપનુ કામ હાથ ધરાશે ત્યારબાદ પાણીની પાઈપલાઈનનુ કામ પણ શરૂ કરી દેવાશે.

## સે.૧ તળાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધીમાં અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ તળાવને પિકનીક સ્પોટ કરવાનુ સ્વપ્ર હજુ સાકાર થયુ નથી. સ્માર્ટ સિટીના શમણાંઓમાં રાચતા સરકારી તંત્ર દ્વારા છેલ્લા એક દાયકાથી તળાવને નિખારવા માટે કોઈ તસ્દી લેવાઈ નથી. માર્ગ મકાન વિભાગ સહીતના સરકારી વિભાગે તળાવને નિખારવાના મામલે એકબીજાને ખો આપવાની નિતી અપનાવી છે. સે-૧ માં નિર્માણ કરાયેલી તળાવ વિકાસની યોજનાના અંતે વર્ષો બાદ પણ તળાવ ખાલીખમ જોવા મળી રહયુ છે. તળાવના તળિયાની તરસ છીપાતી જ નથી. તળાવ નિર્માણના અંતે તળિયાની કામગીરી યોગ્ય રીતે ન થઈ હોવાના લીધે તળાવમાં પાણી ભરાતુ જ નથી. તળાવના તળિયાની તરસ છીપાતી જ નથી. આ મામલે તંત્ર દ્વારા પણ અનેકવાર અભ્યાસ કરવામાં આવ્યો છે. જયારે અગાઉ સિંચાઈ વિભાગનો અભિપ્રાય લઈને આગળની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ હજુ સુધી કાંઈ થઈ શક્યુ નથી. તળાવની મુલાકાતે આવતા સહેલાણીઓ માટે ફુડકાર્ટનુ પણ નિર્માણ કરાયુ છે. પરંતુ આ દુકાનો પણ ખંડેર હાલતમાં પડી છે. છેલ્લા બે વર્ષથી દુકાનો તૈયાર છે. પરંતુ દુકાનો ફાળવવા માટે કોઈ ગતિવિધિ હાથ ધરાતી નથી. તળાવ વિકાસની યોજના પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા પરંતુ એક દાયકાથી આખો પ્રોજેકટ ડેડ હાલતમાં છે. ચોમાસા દરમિયાન પણ તળાવમાં પાણીનુ ટીંપુ જોવા મળતુ નથી. કરોડાના આંધણ બાદ પાણી વગરના તળાવમાં માત્ર ગંદકી જોવા મળી રહી છે.